**<u>પ્રેસ નોટ:</u>**

**: નવા બની રહેલ દરિયાઈ સંરક્ષણ તંત્રનુ રિજીયોનલ વડુ મથક ગુજરાતને આપતી કોંગ્રેસની કેન્દ્ર સરકાર :**

**: દરિયાઈ સીમાડાઓના રક્ષણ માટે સાગર પ્રહરી બલની રચના થશે અને ૧૦૦૦ જવાનોની ભરતી થશે :**

**: શીપ્સ, બોટસ, હેલીકોપ્ટર્સ અને હવાઈ જહાજોની ખરીદ્દી સાથે મજબુત દરિયાઈ સુરક્ષા થશે.**

**: ગુજરાતનો ૧૬૬૦ કીમીનો દરિયા કીનારો સુરક્ષિત બનશે.**

વિરોધ પક્ષના નેતા શ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યુ હતું કે કોંગ્રેસની આગેવાની વાળી કેન્દ્ર સરકારે દેશની દરિયાઈ સરહદોને સજ્જડ સલામતી પુરી પાડવા નૌકાદળની નીચે એક અલાયદ્દુ તંત્ર બનાવવાનો નિર્ણય કરેલ છે. આ નવુ તંત્ર નૈકાદળની નીચે કાર્યરત બનશે. દરિયાઈ સરહદોની સલામતી માટે જુદ્દી જુદ્દી એજન્સીઓ કામ કરતી હતી પરંતુ હવે સંકલીત કામ થશે અને નૌકાદળની નીચે કામ કરતા નવા તંત્ર મારફ્ત કોસ્ટ ગાર્ડ, ભારત સરકારની વિવિધ એજન્સીઓ તથા રાજ્ય સરકારની એજન્સીઓનુ સંકલન થશે. સાગર પ્રહરી બલની સ્થાપના થશે અને ૧૦૦૦ જવાનોની નીમણુક થશે. આ નવા તંત્રનુ રીજીયોનલ વડુ મથક ગુજરાતમાં સ્થપાશે. વિવિધ જોઈન્ટ ઓપરેશન સેન્ટરસ સ્થપાશે જે મુંબઈ, વીશાખાપટનમ, કોચી અને પોર્ટબ્લેર ખાતે કાર્યરત થશે. કોસ્ટલ ડીફેન્સ તંત્રમાં આધુનિક વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. શિપ્સ, બોટસ, હેલીકોપ્ટર્સ

અને હવાઈ જહાજોની ખરીદ્દી થશે. ૮૦ અતી જડપી ઈન્ટરેપ્શનસ ક્રાફ્ટસ પણ ખરીદવામાં આવશે.  ઓફશોર સીકયુરીટીની પણ ચીંતા કરવામા આવી છે.

વેસલ અને એર ટ્રાફીક મેનેજમેન્ટ માટે અધતન સીસ્ટમ ઉભી કરવામા આવશે.  ઉપરાંત નેશનલ કમાન્ડ, કંટ્રોલ, કોમ્યુનીકેશન અને ઈન્ટેલીજન્સ નેટવર્ક નૌકાદળ અને કોસ્ટલ ગાર્ડ તથા અન્ય એજન્સીઓ સાથે બરાબર રહે તે માટે કંટ્રોલ રૂમોની સ્થાપના થશે.

**કોસ્ટલ પોલીસ સ્ટેશનો મેન પાવર સાથે સ્થપાશે. ગુજરાતને દસ કોસ્ટલ પોલીસ સ્ટેશન મંજુર કરી દેવામાં આવેલ છે અને જરૂરિયાત મુજબ હજુ બીજા મંજુર કરાશે. નવ વધારાના કોસ્ટ ગાર્ડ સ્ટેશનો "HUB & SPOKE CONSEPT" સાથેના સ્થપાશે.  ગુજરાતના ૧૬૬૦ કીમીના દરિયા કીનારાને સુરક્ષિત કરવા કેન્દ્ર સરકારના આ પગલાઓની જાહેરાત રક્ષા મંત્રિશ્રી એ.કે.એન્ટનીજી એ કરતા ગુજરાત કોંગ્રેસે તેને આવકારેલ છે. ગુજરાતની જનતા વતી આભારની લાગણી વ્યકત કરેલ છે.**